happy diwali
સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, પાટણ, પાલનપુર, અરવલ્લી



# ધાનેરા નગરપાલિકામાં ચાર બેઠકો માટે ૧૩ ફોર્મ ભરાયા

## ધનતેરસના દિવસે જ ફોર્મ ભરવા માટે ઉમટી પડ્યા ઉમેદવારો

ધાનેરા, તા. ૯

ધાનેરા નગરપાલિકામાં ચાર બેઠકોની પેટા ચૂંટણી હોવાથી ચાર બેઠકો માટે સોમવારે ૧૩ ફોર્મ રજુ થવા પામ્યા હતા. જ્યારે આજે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોવાથી કેટલા ફોર્મ ભરાય તે ઉપર નજર છે.

ધાનેરા નગરપાલિકામાં કોંગ્રેસમાંથી છેડો ફાડી ભાજપમાં જોડાનાર ચાર સભ્યોને પક્ષાંતર ધારા હેઠળ સસ્પેન્ડ કરવામાં આવતાં ચાર બેઠકો ખાલી થવા પામી હતી અને જેની ચૂંટણી આવતા વોર્ડ નં. ૧ની એક બેઠક માટે ૩ ફોર્મ, વોર્ડ નં. ૨ ની એક બેઠક માટે ૪ ફોર્મ, વોર્ડ નં. ૫ની એક બેઠક માટે ૨ ફોર્મ તથા વોર્ડ નં. ૬ની એક બેઠક માટે ૪ ફોર્મ રજુ થવા પામ્યા હતા. પરંતુ હજી આજે એક દિવસ બાકી હોવાથી સાંજ સુધી કેટલા ફોર્મ ભરાય તેના ઉપર સૌની નજર છે. આ માટે ધાનેરા ન.પા. ચૂંટણી અધિકારી બી.જે. સોનીએ જણાવ્યું છે કે મંગળવાર છેલ્લો દિવસ ફોર્મ ભરવાનો છે. સોમવાર સુધીમાં ૪ બેઠકો માટે ૧૩ ફોર્મ ભરાયા છે.

# અરવલ્લીમાં ચૂંટણી માટે ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ભાજપ કોંગ્રેસના ઉમેદવારોએ પોતપોતાના ફોર્મ ભરી દિધા છે. જેને લઈ મોડાસાના જાહેર માર્ગો ઉપર ભારે ભીડ જોવા મળી હતી.

અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ભાજપ દ્વારા જિલ્લા પંચાયતની ૩૦ બેઠકો માટે તાલુકા પંચાયતની ૧૩૦ તેમજ મોડાસા નગરપાલિકાના ૯ વોર્ડની મોટા ભાગની બેઠકો માટેના ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવતા આજે સવારથી જ જિલ્લાની સરકારી કચેરીઓમાં ઉમેદવારી પત્રો ભરવા ઉમેદવારો પોતાના ટેકેદારો સાથે ઉમટી પડ્યાહતા. વહેલી સવારથી જ જિલ્લાના માર્ગો પર ઉમેદવારો સાથે ટેકેદારો જોવા મળ્યા હતા. આથી અનેક ઠેકાણે ટ્રાફિક જામના દશ્યો પણ જોવા મળ્યા હતા. જિલ્લામાં ઉમેદવારીપત્રો ભર્યા બાદ બન્ને રાજકીય પક્ષોએ પ્રચાર માટેના શ્રી ગણેશ પણ કરી દીધા હતા.

## આડા હાથરોલની સીમમાં કારે રાહદારીને ટક્કર મારતા મોત

હિંમતનગર, તા. ૯

હિંમતનગર તાલુકાના ગાંભોઈ-ભિલોડા રોડ પર આવેલ આડા હાથરોલ ગામની સીમમાંથી રવિવારે સાંજના સુમારે પસાર થઈ રહેલ કાર નં. જીજે.૯.બી.એ.૧૫૩ના ચાલકે અહીંથી પસાર થતા નાનજીભાઈ રૂપસિંહભાઈ જોષીયારા (ઉં.વ.૪૫)ને ટક્કર મારતા તેમનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. તેમજ કારના ચાલકે કારને ઝાડ સાથે અથડાવી ભાગી ગયો હતો. જે અંગે પ્રમીલાબેન લક્ષ્મણભાઈ કટારાએ અજાણ્યા કાર ચાલક વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## સવગઢ પાસેથી સફારી ગાડી ચોરાતા ફરિયાદ

હિંમતનગર, તા. ૯

હિંમતનગરના સવગઢ નજીક આવેલ આર.ટી.ઓ. સર્કલ પાસેથી એક હોટલ પર શનિવારે પાર્ક કરેલ સફારી ગાડી નં. જીજે.૧.કેબી.૬૮૭૧ની અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે આલમખાન સમંદરખાન પઠાણે રૂ. ૫ લાખની સફારી ગાડી ચોરાયાની ફરિયાદ રવિવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

## નૂતન વર્ષે જગાણા ખાતે મંત્રી હરિભાઈ ચૌધરી નગરજનોને શુભકામનાઓ પાઠવશે

જગાણા, તા. ૯

કેન્દ્રીય ગૃહરાજયમંત્રી હરીભાઈ ચૌધરી આગામી તા. ૧૨-૧૧-૨૦૧૫ને ગુરૂવારે નૂતન વર્ષ પ્રસંગે જગાણા હાઈસ્કૂલ ખાતે સવારે ૯.૦૦થી ૧.૦૦ દરમ્યાન ઉપસ્થિત રહી જિલ્લાના કાર્યકરો, શુભેચ્છકોને અને આમ જનતાને મળશે અને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવશે તેવું જિલ્લા મીડીયાસેલની યાદીમાં જણાવાયું છે.

## નૂતન વર્ષે ભાભર ખાતે ભાજપનું સ્નેહમિલન યોજાશે

ભાભર, તા. ૯

આગામી નૂતન વર્ષ નિમિત્તે ભાભર ખાતે તા. ૧૨-૧૧-૨૦૧૫ને ગુરૂવારે સાંજે ૪.૦૦ થી ૭.૦૦ કલાકે વાવ વિધાનસભા ભારતીય જનતા પાર્ટીનું સ્નેહમિલન યોજાશે.

ગોકુલધામ પાર્ટીપ્લોટ, જલારામ ગૌશાળાની બાજુમાં સુઈગામ હાઈવે, ભાભર ખાતે યોજાનારા આ સ્નેહમિલન કાર્યક્રમમાં રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ, શહેરીગૃહ નિર્મઆણ અને વાહનવ્યવહાર મંત્રી (રા.ક.) શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહી કાર્યકરો, શુભેચ્છકો અને મત વિસ્તારની પ્રજાને દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ પાઠવશે. વાવ વિધાનસભા ભારતીય જનતા પાર્ટી તરફથી મત વિસ્તારના વાવ, સુઈગામ અને ભાભર તાલુકાના કાર્યકરો, સહકારી અગ્રણીઓ અને શુભેચ્છકોને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યુંછે.

## સીંગામાં મકાનમાંથી ૩ હજારની મત્તા ચોરાઈ

ઈડર તાલુકાના સીંગા ગામેથી એક અઠવાડિયા અગાઉ રમણભાઈ અંબાલાલ પટેલના ઘરમાંથી અજાણ્યા શખ્સોએ રૂ. ૨ હજારની કિંમતના ચાંદીના સિક્કા, એક ધાબળો તથા રૂ. ૩૦૦નું પરચુરણ મળી રૂ. ૩ હજારની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે રમણભાઈ પટેલે રવિવારે જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# રાજેન્દ્રનગર ચોકડી પાસે બાર કલાકમાં દારૂ ભરેલી બે કાર ઝડપાઈ

મોડાસા, તા. ૯

સ્થાનિક ચૂંટણીઓના મંડાણ મંડાઈ ગયા છે ત્યારે ચૂંટણીઓમાં મોટા પાયે દારૂની રેલમછેલ કરવા બુટલેગરો દ્વારા અત્યારથી જ મોટે પાયે દારૂ ઘુસાડવામાં આવે છે. ત્યારે મોડાસા રૂરલ પોલીસ રાજેન્દ્રનગર ચોકડી પરથી બાતમીના આધારે માત્ર બાર કલાકમાં જ બે ગાડી દારૂ પકડી પાડી બે બુટલેગરોની ધરપકડ કરી હતી. જ્યારે બે ભાગી જવામાં સફળ રહ્યા હતા. મોડાસા રૂરલ પોલીસે બાતમીના આધારે રવિવારે રાત્રે રાજેન્દ્રનગર ચોકડી પર વૉચ ગોઠવી તલાશી કરતાં સફેદ કલરની નવી જ નંબર વગરની વેગનઆર કારમાંથી વિદેશી દારૂની કુલ ૮૪ બોટલો નંગ કિંમત ૨૬,૪૦૦ અને ૧૦૦૦ની કિંમતનો મોબાઈલ તેમજ વેગનઆર કાર કિંમત રૂપિયા ૪ લાખ મળી કુલ ૪,૨૭,૪૦૦ના મુદ્દામાલ સાથે હિતેશ વિનુભાઈ પટેલ, પ્લોટ નંબર ૬૫૪, સેકટર-૧૫, ૧૫-બી ગાંધીનગરની ધરપકડ કરી હતી. જ્યારે અન્ય એક આરોપી શિવમ પરમાર રહે. ગાંધીનગર ગાડીમાંથી નાસી છુટ્યો હતો જ્યારે અન્ય એક મદદગાર આશિક નામના શખ્સ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે માત્ર ગણતરીના જ કલાકોમાં સોમવારના સવારના સુમારે રાજેન્દ્રનગર ચોકડી પાસેથી મોડાસા રૂરલ પોલીસે મારૂતિ ઈકો કાર નંબર જીજે.૦૧. ડીવી.૨૦૩૫ ગાડીમાંથી કુલ બોટલો ૩૪૮ કિંમત રૂપિયા ૮૧,૬૦૦ તેમજ મોબાઈલ અને ગાડીની કિંમત ૪ લાખ એમ કુલ મળી ૪,૮૨,૧૦૦ના મુદ્દામાલ સાથે હાર્દિકભાઈ બાબુભાઈ સાધુ (ગોસ્વામી) રહે. ગોકુલધામ ફ્લેટ બીજો માળ બી-૧ વેજલપુર જીવરાજ પાર્ક, અમદાવાદની ધરપકડ કરી હતી. જ્યોર અન્ય એક શખ્સ પીન્ટુ રહે. વિંછીવાડા ભાગી છુટ્યો હતો. આ તમામ આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



# બનાસકાંઠાના નકલી નોટોના ગુનામાં ચાર દિવસ બાદ પણ એલસીબી પોલીસ માસ્ટર માઈન્ડ સુધી પહોંચવામાં નિષ્ફળ

ડીસા, તા. ૯

ડીસામાં આંગડીયા પેઢીના સંચાલકની સતર્કતાના લીધે નકલી નોટોના નેટવર્કનું પર્દાફાસ થયાને



ચાર દિવસ થયા છે. ત્યારે બનાસકાંઠા એલસીબી પોલીસે ૩ લાખની નકલી નોટો ગુનામાં ૨ આરોપી ઝડપ્યા બાદ પણ તપાસમાં હવાતિયા મારી રહી છે. ભારતીય અર્થતંત્રને ખોખલુ કરતી નકલી નોટોના ગંભીર ગુનામાં આંગડીયા પેઢીના સંચાલકે પોલીસને જાણ કરી પોતાની દેશ પ્રત્યેની ફરજ અદા કરી પોતાનો નાગરિક ધર્મ નિભાવ્યો છે. પણ બનાસકાંઠા એલસીબી પોલીસ નકલી નોટોના નેટવર્કના માસ્ટર માઉન્ડ સુધી પહોંચવામાં ફાફા મારી રહી છે. સરહદી બનાસકાંઠા જિલ્લામાં નકલી નોટો ઘુસાડવા માટે બનાસકાંઠાને એપી સેન્ટર બનાવનારનું માસ્ટર માઈન્ડ કોણ છે, નકલી નોટો ક્યાંથી આવી, નકલી નોટો ક્યાં મોકલવામાં આવતી હતી, કેટલા સમયથી આંગડીયા મારફતે નકલી નોટોને અસલી નોટો મેળવવાનું ષડયંત્ર ચાલતુ હતુ, આ તમામ જવાબમાં માત્ર એલસીબી પોલીસ હજુ તપાસ કરી રહી છે.

જો કે નકલી નોટોના ગુનામાં પકડાયેલા ૨ આરોપીના રિમાન્ડ બાદ અમદાવાદથી ૪ લાખની નકલી નોટોમાંથી ૧ લાખથી વધુ નોટો જુનાગંજ બજારની એક બેંકમાંથી પકડાયેલી નકલી નોટોમાં આજ આરોપીના સંડોવણી હોવાની શંકા હજુ એલસીબી પોલીસ વ્યક્ત કરી છે.

આંગડીયા પેઢીના મારફતે નકલી નોટોના હવાલથી અસલી નોટો મેળવવાનું આ નેટવર્કમાં એલસીબી પોલીસે હજુ સુધી તપાસના બણગા ફૂકી રહી છે. જો કે પોલીસ યોગ્ય દિશામાં સચોટ તપાસ કરે તો નકલી નોટોના ગુનામાં કેટલાક અમીર આકાઓના નામ ખુલી શકે તેવી સંભાવના વર્તાઈ રહી છે.

# હિંમતનગર પાલિકાની ૩૬ બેઠકો માટે ૯૪ ઉમેદવારીપત્રો ભરાયા

હિંમતનગર, તા. ૯

હિંમતનગર નગરપાલિકાની ૩૬ બેઠક માટે ૨૯ નવેમ્બરે યોજાનાર ચૂંટણી સંદર્ભે સોમવાર સુધીમાં ૯ વોર્ડમાં મળી ૯૪ ઉમેદવારીપત્રો ભરાયા છે. તો બીજી તરફ મંગળવારે ઉમેદવારીપત્રો ભરવાનો છેલ્લો દિવસ હોવાને કારણે હજુ પણ વધુ ફોર્મ ભરાવાની શક્યતા નકારી શકાતી નથી.

આ અંગે ચૂંટણી શાખામાંથી મળતી માહિતી મુજબ હિંમતનગર પાલિકાના વોર્ડ નં. ૧માં ૧૩, ૨માં ૧૪, ૩ અને ૪માં ૧૩, વોર્ડ નં. ૨, વોર્ડ નં. ૬ અને ૭માં ૧૦, વોર્ડ નં. ૮માં ૭ અને વોર્ડ નં. ૯માં ૧૦ ઉમેદવારી પત્રો ભરાયા છે. અગાઉ બે ઉમેદવારી પત્રો ભરાયા હતા. જેથી હાલના તબક્કે પાલિકાના ૩૬ વોર્ડમાં ૯૪ ઉમેદવારીપત્રો ભરાયા છે.

## દેશોતરની સીમમાંથી કેબલ ચોરાતા ફરિયાદ

ઈડર તાલુકાના દેશોતર ગામની સીમમાંથી રવિવારે રાત્રે કૂવા પરના કેબલ વાયર ચોરાતા ખેડૂતે જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે જાદર પોલીસ સ્ટેશનમાં જગદીશભાઈ દવાભાઈ પટેલે ફરિયાદમાં જણાવ્યું હતું કે રવિવારે રાત્રે દેશોતર ગામની સીમમાં આશરે આઠ ખેડૂતોના કૂવા પરથી કેબલ વાયર ચોરાયા છે. જેમાં જગદીશભાઈના ખેતરમાં આવેલ ઓરડીનું તાળુ તોડી ઈલેક્ટ્રીક મોટરનો ૩૦ મીટર વાયર કે જેની કિંમત રૂ. ૨૪૦૦ની ફરિયાદ નોંધાતા પોલીસે સ્થળ પર જઈ તપાસ હાથ ધરી છે.



## અરવલ્લીમાં ધનતેરસે સોના-ચાંદીની ખરીદીમાં મંદી

પ્રકાશપર્વે દિવાળીના તહેવારોની અરવલ્લી જિલ્લામાં શરૂઆત થઈ ચુકી છે. ધનતેરસના દિવસે જિલ્લાના પ્રજાજનો તેમજ ધંધા-રોજગારવાળા વેપારીઓ દ્વારા ચોપડા પૂજન અને લક્ષ્મીપૂજન કરી ફટાકડા ફોડી દિવાળીના પર્વને વધાવવા આતુર. દિવાળીના આ પ્રકાશ પર્વે મધ્યમવર્ગથી માંડી શ્રીમતી વર્ગ પોતપોતાની આર્થિક આવક પ્રમાણે તહેવારની ઉજવણી કરતા હોય છે. ધનતેરસના દિવસે લોકો મુહૂર્ત સાચવવા સોના-ચાંદીની ખરીદી કરતા હોય છે પરંતુ જિલ્લાના જ્વેલર્સના શૉ-રૂમ ગ્રાહકોના અભાવે ખાલીખમ જણાતા હતા. રાધીકા જ્વેલર્સના માલિક ભરતભાઈ સોનીના જણાવ્યા અનુસાર સોના-ચાંદીનો વેપાર કરતા વેપારીબંધુઓને મંદીનો માહોલથી ભારે નુકશાની ભોગવાવનો વારો આવ્યો છે. આજના દિવસે જિલ્લાના પ્રજાજનોએ મુહૂર્ત સાચવવા જ્વેલર્સના શૉ-રૂમમાં ખરીદી કરી હતી. પરંતુ ગ્રાહકો મોટી ખરીદીથી દૂર રહ્યા હતા.

# પાલનપુરમાં જીવન એક આનંદ પુસ્તકનો વિમોચન કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૯

પાલનપુરના માનસિક રોગોના જાણીતા ડૉ. પ્રવિણ પટેલ લિખિત પુસ્તક 'જીવન એક આનંદ'નું વિમોચન કરવામાં આવ્યું હતું. કિશોરવયથી જ જીવનના ગુઢ

અને સાંસદ હરિભાઈ ચૌધરીએ ડૉ. પ્રવિણ પટેલને બિરદાવતા કહ્યું કે સાહિત્યકારોએ પણ રાષ્ટ્રના વિકાસમાં અને વર્તમાન પ્રશ્નોના ઉકેલમાં પોતાની શક્તિઓને કાર્યાન્વિત કરવી જોઈએ. આ પૂર્વે

વાત કરી હતી. લેખક-પત્રકાર રશ્મિકાંત જોષીએ પ્રસંગના આયોજનમાં પોતાની સેવાઓ આપી હતી.

ડૉ. પ્રવિણ પટેલે આભાર દર્શન કર્યું હતું અને સહયોગ



પ્રશ્નોમાં રસ લેતા ડૉ. પટેલ એક અચ્છા વાચક અને પુસ્તકપ્રેમી છે. એમની પર્સનલ લાયબ્રેરીમાં ઈતિહાસ, વિજ્ઞાન, સાહિત્ય અને તત્વજ્ઞાન વિ. વિષય વૈવિધ્ય ધરાવતાં આશરે પાંચ-છ હજાર પુસ્તકો હોવાનો અંદાજ છે. વાચન દરમ્યાન મનમાં ઉઠતા વિચારો અને ચિંતનનું ટાંચણ ડૉક્ટર કરતા રહે છે. એમાંથી જ લેખન તરફ રૂચિ વધતી રહી. એમનો આ શોખ પોષાતો રહ્યો છે. માતા-પિતાના સમૃદ્ધ સંસ્કાર વારસાથી અને શુશીલ પત્નીના સહયોગથી આ બધાનું પરિણામ છે.

આ અનાવરણ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય રાજ્ય ગૃહમંત્રી

ડૉ. પ્રવિણભાઈના મિત્રો ડૉ. હેમંતભાઈ, ડૉ. શોધનભાઈ શેઠ તથા તેમના કુંભાસણ ગામના દાનાભાઈએ પ્રસંગોચિત પ્રવચન કર્યા હતા.

વિશેષ ઉપસ્થિત ગુરૂના હુલામણા સંબોધનથી જાણીતા વિદ્વાન અને જી.ડી. મોદી કોલેજના કેમ્પસ ડાયરેક્ટર શ્રી ગિરીશભાઈ ઠાકરે પ્રસંગોચિત વક્તવ્ય આપતાં કહ્યું કે સાહિત્ય, કલા, વિજ્ઞાન અને અધ્યાત્મ જેવા વિષયો પ્રત્યેનો લગાવ અને શોખ વ્યક્તિને એક ઉંચાઈ પર લઈ જાય છે. જે એના જીવનને ધન્ય બનાવે છે.

શ્રી રમણિક રાવલે પ્રસંગોચિત આપનાર મહેમાનો-મિત્રોનું સન્માન અને સ્વાગત કર્યું હતું. સંચાલન ગિરધરભાઈ ગેહાનીએ કર્યું હતું.

આ પુસ્તકના લેખક ડૉ. પ્રવિણભાઈ પટેલ ઉ.ગુ.ની તબીબી આલમમાં એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. સહૃદયી, ઉર્મિશીલ, માનવતાવાદી અને અલગારી ડૉક્ટર શબ્દસૃષ્ટિનાં મુક્તાકાશના સ્વૈરવિહારી આનંદી પગ (પક્ષી) સમાનછે. તેમના આ પુસ્તકમાં તેમણે ભારતીય આધ્યાત્મિકતાને વિજ્ઞાન સાથે સાંકળવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે. આગામી સમયમાં 'જીવન એક આનંદ' પુસ્તકનો બીજો ભાગ પ્રસિદ્ધ થશે.

# હિંમતનગરના પોલો ગ્રાઉન્ડમાંથી ચોરી કરનાર શખ્સ મુદ્દામાલ સાથે ઝડપાયો

હિંમતનગર, તા. ૯

હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલ શાકુન્તલ સોસાયટીના એક બંધ મકાનમાં બે દિવસ અગાઉ ભર બપોરે અજાણ્યા શખ્સો રૂ. ૩.૭૨ લાખના ચોના-ચાંદીના દાગીનાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગેની ફરિયાદ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી. ત્યારબાદ પોલીસે અજાણ્યા શખ્સોને પકડી લેવાના ચક્રો ગતિમાન કર્યા હતા. દરમિયાન પોલીસે રવિવારે હિંમતનગરના જ એક શખ્સને અમદાવાદથી ઝડપી લીધો હતો.

આ અંગે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ડી.ડી. પરમારના જણાવ્યા અનુસાર પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલ શાકુન્તલ સોસાયટીમાં રહેતા ભાવિનભાઈ રમણભાઈ ખત્રીના મકાનમાંથી બે દિવસ અગાઉ અજાણ્યા શખ્સો સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી લઈ ગયા હતા. જે સંદર્ભે નોંધાયેલી ફરિયાદ બાદ મૂળ હિંમતનગરના હાજીપુરામાં રહેતા જાકીરહુસેન ઉર્ફે ચુહો અઝીઝમીયાં ઉર્ફે લાલમહંમદ શેખને અમદાવાદના વટવા વિસ્તારમાંથી તેના ઘરેથી રૂ. ૧.૮૫ લાખના સોના-ચાંદીના દાગીના સાથે ઝડપી લીધો હતો. ત્યાર બાદ તેને હિંમતનગર લાવી સોમવારે મોડી સાંજે હિંમતનગર કોર્ટમાં રજુ કરાયો હતો. જ્યાં ન્યાયાધીશ ચોકસીએ તા. ૧૧ નવેમ્બર સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતા. પોલીસે તેની પુછપરછ કરતા ચોરીના ગુનામાં વધુ શખ્સ સંડોવાયેલા હોવાનું જણાતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# સાબરકાંઠા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત માટે ૪૬૫ ફોર્મ ભરાયા

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લા પંચાયત અને ૮ તાલુકા પંચાયતોની યોજાનાર ચૂંટણી સંદર્ભે સોમવારે હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર તથા અરવલ્લી જિલ્લાના ભિલોડા ખાતે ઉમેદવારોએ ફોર્મ ભરવા માટે ધસારો કર્યો હતો. જે અંતર્ગત ૪૬૫ ઉમેદવારીપત્રો ભરાયા હતા. જ્યારે ભિલોડા તાલુકામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના મળી ૮૯ ઉમેદવારીપત્રો ભરાયા હતા. એમ ચૂંટણી વિભાગના સૂત્રોમાંથી જણાવાયુ છે. ઉલ્લેખનીય છે કે મંગળવારે ઉમેદવારીપત્રો ભરવાનો છેલ્લો દિવસ છે.

ચૂંટણી સંદર્ભે સોમવારે હિંમતનગર તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની વિવિધ બેઠકના ઉમેદવારોએ ટેકેદારો સાથે રેલી કાઢી જિલ્લા કલેક્ટર કચેરીમાં ચૂંટણીપંચ દ્વારા નિર્ધારીત કરાયેલ કચેરીમાં જઈને ઉમેદવારીપત્રો ભર્યા હતા.

# જૂના સમયમાં ફટાકડાં નહીં ધાણીફૂટ તોપો ફુટતી હતી

અમદાવાદ, તા.૦૯

અત્યારે મહાપર્વ દિવાળી ચાલી રહ્યો છે. હાલ પ્રકાશના આ પર્વમાં લોકો જાત જાતના ફટાકડા ફોડે છે. બજારમાં પણ ફટાકડાની અવનવી અનેક વેરાયટીઓ જોવા મળે છે. ત્યારે ૧૮મી સદીમાં પણ લોકો દારૂખાનું ફોડી તેની રોશની અને અવાજનો આનંદ માણતા હતા. એ સમયે નાની તોપમાં લોકો દારૂગોળો ભરીને ફોડતા. આ પ્રકારની પીતળની તોપ બનાવતા કારીગરો પણ ગામે ગામ હતા. આમ દિવાળીમાં દારૂગોળો ફોડવાની પ્રથા સદીઓથી ચાલી આવે છે.

દિવાળીના પર્વનું મુક્ય આકર્ષણ રંગબેરંગી અનેક પ્રકારના ફટાકડાની આતશબાજી છે. લોકો આ આતશબાજીની મજા માણતા હોય છે. ત્યારે ૧૮મી સદીમાં પણ લોકો દિવાળીના દિવસો દરમિયાન દારૂગોળો ફોડીને આનંદ માણતા હતા. આ વાતને સમર્થન આપતા જાણીતા ઈતિહાસકાર પરિમલ રૂપાણી જણાવે છએ કે ૧૮મી સદીમાં દિવાળીના પર્વ દરમિયાન લોકો આતશબાજી કરવા માટે પોતાના ઘરમાં ગડૂટિયા નામની નાની તોપ લાકડાના સ્ટેન્ડ સાથે પતરાથી બાંધઈ દેતા. ત્યારબાદ તેમાં દારૂગોળો ભરીને આગ ચાંપતા હતા. જે ફૂટતા તેનો અવાજ બોમ્બ જેવો આવતો.

૫૦ વર્ષ પહેલાં પણ લોકો હવાઈ નામના આકાશમાં ઉડાડવા માટે ડબલામાં દારૂગોળો ભરીને ઉડાવતા. પરંતુ એ ડબલાં ગમે ત્યાં ઉડતા હોવાથી આ પ્રથા બંધ કરી દેવામાં આવી. રૂપાણીએ વધુમાં જણાવ્યું હતુ કે અગાઉ મજલક નામના શસ્ત્રમાંથી ભારે પથ્થરો ફેંકવામાં આવતા હતા. આવા પથ્થરના ગોળા ઉપરકોટ કિલ્લામાં અત્યારે પણ મોજુદ છે. ઉલ્લેખનીય છે કે સુલતાન અલ્લાઉદ્દીન પીલજીના સમયમાં ઈ.સ. ૧૨૯૬થી ૧૩૧૬ દરમિયાન આવી હોવાનં માનવામાં આવે છે. જ્યારે ગુજરાતમાં તોપનો પ્રથમ ઉપયોગ સુલતાન અહેમદશાહ પ્રથમના શાસનકાળ ઈ.સ. ૧૪૧૦થી ૧૪૪૧ દરમિયાન થયો હતો.